જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

**તા.૦૮/૦૨/૨૦૨૩ બુધવાર**

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૨૪૬/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૩ કેસ કરી, ૧૮ વ્યક્તિઓને ઝડપી, ૬૦ લીટર દેશી દારૂ, ૩૪૩ બોટલ ઈંગ્લીશ દારૂ, ૩૫ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ અને ૧૦ બિયર ટીન કબજે કર્યા હતા. તેમજ જુગારધારા હેઠળ ૨ કેસ કરી ૩ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૪૩૭૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૨૪૭/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૭૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પાસા હેઠળ ૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

## ઘરફોડઃ- સમાચાર યાદી નં.૨૪૮/૨૦૨૩

**વાસણાઃ** દિનેશકુમાર ભવરલાલ જૈન (રહે. અક્ષર રેસિડેન્સી ફ્લેટ નારાયણનગર રોડ વાસણા) એ વાસણા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૬/૦૨/૨૦૨૩ કલાક ૧૧/૦૦ વાગ્યાના સુમારે પોતાના મકાનના દરવાજાનો નકુચો તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી સોનાનો એક બિસ્કીટ તથા સોનાની વાળી નંગ-૨ મળી કિમત રૂપિયા ૫૫,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એસ.આર.મકરાણી ચલાવે છે.

## ચોરીઃ- સમાચાર યાદી નં.૨૪૯/૨૦૨૩

**સેટેલાઈટઃ** તુષારભાઇ રમેશભાઇ રાણા (રહે. ઇશ્વરચરણ પાર્ક નંદીગ્રામ સોસાયટી વિભાગ-૨ સામે નારણપુરા) એ તા.૦૭/૦૨/૨૦૨૩ સાંજના ૫/૪૫ થી ૬/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન સેટેલાઈટ મોન્ડેલ હાઈટસની બાજુમાં ગોયલ એન્ડ કંપનીના ઓફીસના ગેટ સામે પાર્ક કરેલ પોતાની કારના દરવાજાનો કાચ તોડી અજાણી વ્યક્તિ કારમાંથી રોકડ રૂપિયા ૨,૦૦,૦૦૦/- તેમજ અન્ય ચીજવસ્તુ ચોરી કરી લઈ ગઈ હતી. આ અંગેની ફરીયાદ તુષારભાઈ રાણાએ સેટેલાઈટ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.આર.બલાત ચલાવે છે.

**સોનાની ચેઈન ખેચી તોડી લઈ ગયાઃ-** **સમાચાર યાદી નં.૨૫૦/૨૦૨૩**

**સેટેલાઈટઃ** સનોરમા સતિષશંકર દિક્ષિત (ઉ.વ.૬૦) (રહે. અવની ટાવર શ્રેયસ ક્રોસિંગ પાસે આંબાવાડી) તા.૦૩/૦૨/૨૦૨૩ બપોરના ૨/૦૦ વાગ્યાના સુમારે સેટેલાઈટ રહેણાંક નજીક અંબે માતાજીના મંદીર નજીક ઉભા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ સનોરમા દિક્ષિતના ગળામાંથી સોનાની ચેઈન પેડલ સાથે કિમત રૂપિયા ૫૦,૦૦૦/- ખેચી તોડી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ સનોરમા દિક્ષિત એ તા.૦૭/૦૨/૨૦૨૩ ના રોજ સેટેલાઈટ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી ડી.એ.રાઠોડ ચલાવે છે.

**ઓઢવઃ** કૈલાષબહેન વા/ઓ અશ્વિનભાઇ મોદી (ઉ.વ.૫૦) (રહે. ભાવિકનગર આદિનાથનગર ઓઢવ) તા.૦૭/૦૨/૨૦૨૩ કલાક ૫/૦૦ વાગ્યાના સુમારે ઓઢવ આદિનાથનગર રોડ નિષીથ પાર્ક સોસાયટી નજીક રસ્તો ક્રોસ કરતા હતા ત્યારે એક પુરૂષ કૈલાષબહેન મોદીના ગળામાંથી સોનાની ચેઈન કિમત રૂપિયા ૩૫,૦૦૦/- ખેચી તોડી લઈ નાસી ગયો હતો. આ અંગેની ફરીયાદ કૈલાષબહેન મોદીએ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી વી.એ.હરકટ ચલાવે છે.

**અપમૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૨૫૧/૨૦૨૩**

**ગોમતીપુરઃ** નરોડા મેમ્કો શિવાજી ચોકની પાછળ અનીલ વકીલની ચાલી ખાતે રહેતા રમેશભાઇ રામુજી ખટીક (ઉ.વ.૪૯) તા.૦૬/૦૨/૨૦૨૩ સાંજના ૬/૩૦ વાગ્યાના સુમારે યુવરાજ કંટ્રકશનની કંપની તરફથી રખિયાલ ચાર રસ્તા બી.આર.ટી.એસ બસ સ્ટેન્ડ સામે દુકાનમાં ઉપરના ભાગે લોખંડની ગડર કાપી રહ્યા હતા ત્યારે ગડર કાપતી વખતે ઉપરથી પડી જતા ગંભીર ઇજાઓ થતા સારવાર માટે તેમને નારાયણા હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન રાતના ૮/૦૦ વાગે તેમનું મૃત્યું નિપજયું હતું. આ અંગે ગોમતીપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.એચ.ડોડિયા ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૨૫૨/૨૦૨૩**

**રિવરફ્રંટ વેસ્ટઃ** (૧) બાલુભાઇ સુરસિંગભાઇ દેવડા ઉ.વ.૪૬ રહે.કાલુભાઇની ચાલી વટવા રેલવે ક્રોસીગ પાસે વટવા) એ અગમ્ય કારણસર તા.૦૭/૦૨/૨૦૨૩ કલાક ૩/૫૫ વાગ્યા પહેલા પાલડી રીવરફ્રન્ટ વોક-વે સીડી નંબર-૪૮ નજીક નદીમાં પડતુ મુકી આત્મહત્યા કરી હતી. આ અંગે રિવરફ્રંટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી પરેશભાઇ કાનજીભાઇ ચલાવે છે.

**રિવરફ્રંટ વેસ્ટઃ** (૨) ભાવેશ હીરાભાઈ ચૌહાણ (ઉ.વ.૨૫) (રહે. આંબેડકર કોલોની આંબાવાડી) એ અગમ્ય કારણસર તા.૦૭/૦૨/૨૦૨૩ સવારના ૧૦/૧૫ વાગ્યા પહેલા આંબેડકરબ્રીજ નજીક વોક-વેમાંથી નદીમાં પડતુ મુકી આત્મહત્યા કરી હતી. આ અંગે રિવરફ્રંટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી વિક્રમભાઈ મનજીભાઈ ચલાવે છે.

**શાહીબાગઃ** શાહીબાગ અસારવા ગ્રીન સીટી ફલેટ સામે મોતીભાઇ લલ્લુભાઇની ચાલી ખાતે રહેતા જગદીશભાઇ જયંતીભાઇ પટણીની તેર વર્ષની પુત્રી શિતલ એ અગમ્ય કારણસર તા.૦૭/૦૨/૨૦૨૩ સાંજના ૫/૧૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે બાથરૂમમાં છતની એંગલ સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાતા સારવાર માટે તેને સિવીલ હોસ્પીટલમાં લઈ જતા ફરજ પરના ડૉશ્રીએ તેને મૃત જાહેર કરી હતી. આ અંગે શાહીબાગ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી ડી.કે.ગમારા ચલાવે છે.

**કાગડાપીઠઃ** શમ્મીરાજ જેસીંગભાઇ ડોરીયા (ઉ.વ.૩૮) (રહે. વીસ ઓરડીની ચાલી છીપા કબ્રસ્તાન સામે ગીતામંદિર રોડ) એ અગમ્ય કારણસર તા.૦૭/૦૨/૨૦૨૩ બપોરના ૨/૦૦ થી સાંજના ૫/૧૫ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના ઘરે પંખા સાથે સાડી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે કાગડાપીઠ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો શ્રી આશિષભાઇ ચલાવે છે.

**નારોલઃ** રંજનબહેન વા/ઓ શિખરચંદ કુણાવત (ઉ.વ.૪૨) (રહે. જીવણપાર્ક સોસાયટી સમ્રાટનગર સોસાયટીની બાજુમાં ઇસનપુર-નારોલ) એ અગમ્ય કારણસર તા.૦૭/૦૨/૨૦૨૩ બપોરના ૧/૨૦ વાગ્યા પહેલા પોતાના ઘરે લોખંડની સીડી સાથે સાડી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.આર.બ્રહ્મભટ્ટ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી